

ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ તરીકે નિયુક્ત થયેલા શ્રી નીતિનભાઈ પટેલે આજે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે પક્ષના કાર્યકરો અને વરિષ્ટોની હાજરીમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો તે પ્રસંગે લેવાયેલ તસ્વીરમાં ધારાસભ્ય શ્રી અશોક પટેલ આવકાર પ્રવચન કરતા નજરે પડે છે. આ પ્રસંગે બોર્ડ - નિગમના અધ્યક્ષશ્રીઓ અને ભાજપના પ્રદેશ પદાધિકારીઓએ ઉપસ્થિત રહી કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગર મનપાના તમામ કોર્પોરેટરો પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# ખ રોડ પરથી બિયરનાં ટીન લઈને જતો ખેપીયો ઝડપાયો

## પ્લાસ્ટીકની બેગમાં ૮ નંગ બિયર ભરીને વેચવા જતો હતો : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના ખ માર્ગ પરથી એક શખ્સ બિયરની ડીલીવરી આપવા જઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસની ટીમે ગઈ મોડી સાંજે વોચ ગોઠવી બિયર વેચવા નીકળેલા ખેપીયાને રંગે હાથ ઝડપી લીધો હતો. ખેપીયાના હાથમાં રહેલી પ્લાસ્ટીક બેગમાંથી ૮ નંગ બિયરના ટીન મળ્યા હતાં. પોલીસે બિયર કબ્જે લઈ ખેપીયાની ધરપકડ કરી લીધી છે. આ માલ જેનો હતો તે બુટલેગર વોન્ટેડ છે તેની શોધખોળ શરુ કરવામાં આવી છે.

સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ એ.જી. રાઠોડને બાતમી મળી હતી કે ખ રોડ પર એક શખ્સ બિયરની ખેપ મારવા નીકળ્યો છે. જેના આધારે સે-૧ ઉના છાપરાની સામેના ખ રોડ પર વોચ ગોઠવીને પીએસઆઈ પોલીસ કોન્સ્ટેબલ રનતસિંહ, યજવેન્દ્રસિંહ, જયવિરસિંહ તથા અજય સહિતની ટીમે બાતમી વાળા વ્યકિતને શોધવા નજરો ફેરવવાનું શરૂ કર્યું. તેટલામાં પોલીસને જોઈને એક વ્યકિત ભાગ્યો! પોલીસની ટીમે તેનો પીછો કરીને પકડી લીધો અને તેની પાસેની પ્લાસ્ટીકની બેગમાંથી ૮ નંગ બિયરના ટીન મળી આવ્યા હતાં. ૮૦૦ રૂપિયાની બિયરો કબ્જે કરીને ખેપીયા જાવેદ હુસેન સાબીર હુસેન સૈયદની ધરપકડ કરી લીધી છે જયારે જેનો માલ હતો તે બુટલેગર રણજીત ઉર્ફે રન્જો ઠાકોર ફરાર છે. સે-૭ પોલીસે તેની શોધખોળ શરુ કરી છે.

# ૧ ૨ વર્ષનું ટાબરીયુ રૂપિયા ભરેલી બેગ ઉઠાવી ગયું...!

## સે. ૨૧ બેંક ઓફ બરોડામાંથી મહિલાએ ૧૫ હજાર રૂપિયા ઉપાડી બેગમાં મુક્યા ને રિક્ષામાં બેઠા ત્યાં એક ટાબરીયુ તેમની નજીક આવ્યું ને બેગ ઉઠાવી નાસી ગયું : ૧૬ હજારની મત્તાની ચોરી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં આજે એક ચોંકાવી મુકે તેવી વિચિત્ર ઘટના બનવા પામી છે. માત્ર બારેક વર્ષની ઉંમરનું એક ટાબરીયુ શહેરની એક મહિલાની નજર ચુકવીને રૂપિયા ભરેલી બેગ ઉઠાવી રફુચક્કર થઈ ગયુ હતુ. સે. ૨૯માં રહેતી મહિલા બેંક ઓફ બરોડાની સે. ૨૧ની શાખામાંથી રૂ. ૧૫ હજાર રોકડા ઉપાડીને બેગમાં મુકી રિક્ષામાં બેઠા..! વરસાદને લીધે રિક્ષા ચાલુ ન થતા રિક્ષાચાલકે રિક્ષા ચાલુ કરવા મથતો હતો અને મહિલાનું ધ્યાન પણ તેમાં જ હતુ તે અરસામાં ટાબરીયુ રીક્ષા જોડે આવ્યું અને રિક્ષાની સીટ પર મુકેલી રૂપિયા ભરેલી બેગ ઉઠાવી ફરાર થઈ ગયું હતું. સે. ૨૧ પોલીસે અજાણ્યા ૧૨ વર્ષના ટાબરીયા વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ સેક્ટર-૨૯, જ-ટાઈપ બ્લોક નં. ૧૪૧/૬ ખાતે રહેતા સુધાબેન બાબુલાલ નાથાલાલ પુરોહીતના દિકરા જીગ્નેશભાઈ રોજગાર વિનિમય કચેરીમાં ફરજ બજાવે છે અને તેમના પતિ સ્વર્ગવાસ પામ્યા છે. આજે સવારે સાડા અગીયાર વાગ્યાના અરસામાં સુધાબેન તેમના પડોશમાં રહેતા રિક્ષાચાલકની રિક્ષા કરીને સે. ૨૧ની બેંક ઓફ બરોડાની શાખામાંથી રૂપિયા ઉપાડવા ગયા હતા. બેંકમાંથી તેમણે રૂ. ૫૦૦ના દરના બંડલ (રૂ. ૬૦૦૦) અને રૂ. ૧૦૦ના બંડલ (રૂ. ૯,૦૦૦) મળીને રૂ. ૧૫ હજાર ઉપાડ્યા હતા. બેંકમાંથી રૂપિયા ઉપાડીને બેગમાં મુકી તેઓ સે. ૨૧ની દેનાબેંકની સામે સર્વિસ રોડ પર ઉભેલી રિક્ષા પાસે પહોંચ્યા. રિક્ષાચાલક લક્ષ્મણસિંહે રિક્ષા ચાલુ કરવા પ્રયત્ન કર્યો પણ વરસાદને લીધે ચાલુ ન થતા તેની મથામણમાં લાગી ગયા હતા. સુધાબેને રૂપિયા ભરેલી બેગ રિક્ષાની પાછળની સીટમાં તેમની પાસે મુકી અને તેમનું ધ્યાન પણ રિક્ષા ક્યારે ચાલુ થાય તેના પર હતુ. તે અરસામાં ૧૨ વર્ષનું એક ટાબરીયુ રિક્ષા પાસે આવ્યું અને કહા જાતે હો...કહા જાતે હો...ની બુમો પાડીને રિક્ષામાં પડેલી રૂપિયા ભરેલી બેગ ઉપાડી ત્યાંથી રફુચક્કર થઈ ગયું હતું. સુધાબેને બુમાબુમ કરતાં રિક્ષાચાલકે પણ ટાબરીયાનો પીછો કર્યો પરંતુ હાથમાં આવ્યો ન હતો. સુધાબેનની બેગમાંથી ૧૫ હજાર રોકડા તથા એક નોકીયા કંપનીનો મોબાઈલ પડ્યો હતો. રૂ. ૧૬ હજારની મત્તાની ચોરી સંદર્ભે સુધાબેને સે. ૨૧ પોલીસમથકે ફરીયાદ નોંધાવતા પી.એસ.આઈ. બી.એફ. ઝાલાએ ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરૂ કરી છે.

# સર્વોદય આશ્રમમાં પ્રાકૃતિક ચિકિત્સા દ્વારા દર્દીઓની સારવાર

ગાંધીનગર, તા. ૪

કાન્તીભાઈ મથુરદાસ શાહ ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા સંચાલિત વસંત કુદરતી ઉપચાર, યોગ, તાલીમ અને સંશોધન કેન્દ્રમાં પંચ તત્વો (માટી, પાણી, વાયુ, અગ્નિ, આકાશ), કુદરતી આહાર, વનૌષધિઓ અને યોગના સમન્વયથી સારવાર કરવામાં આવે છે. અહીં પૂના, મુંબઈ, ભોપાલ અને ચંદીગઢ તથા સુરત સુધીના દર્દીઓ સારવાર લેવા આવે છે.

વિજાપુર તાલુકાના માઢી ગામના સર્વોદય આશ્રમમાં વસંત કુદરતી ઉપચાર, યોગ, તાલીમ અને સંશોધન કેન્દ્ર ચાલે છે. અહી પાંચનતંત્રને લગતા દર્દો, શ્વસનતંત્રને લગતા દર્દો, હૃદયને લગતા દર્દો, શારીરિક દુઃખાવાને લગતા દર્દો, ચામડીને લગતા દર્દો, માનસિક દર્દો, સ્ત્રીઓને લગતા દર્દો વગેરેની સારવાર ઉપવાસ, કુદરતી આહાર, માલિશ, માટીલેપ, માટી પટ્ટી, વિવિધ પ્રકારના ટબ સ્નાન, સ્ટીમબાથ, એનિમા, યોગાસનો, પ્રાણાયમ, યોગનિંદ્રા, નિરોધારા, કુદરતી વનૌષધિઓ દ્વારા થાય છે. સંસ્થાની જમીન પર રસાયણોના વપરાશ વગર સજીવ ખેતી દ્વારા શાકભાજી અને અનાજ ભોજનાલય માટે તૈયાર કરવામાં આવે છે. ઈન્ડોર દર્દીઓ અને આઉટડોર દર્દીઓ પાસેથી નિદાન ફી લેવાની નથી. માત્ર વનૌષધિઓ અને તેલનો ખર્ચ લેવામાં આવે છે. એમ સુમંતભાઈ શાહે એક યાદીમાં જણાવ્યું છે.

# આજે પ્રાર્થના સભા અને ભાવાંજલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં આવેલા અંબાજી મંદિર, સેક્ટર-૬-એ ખાતે આજે ૫મી જુલાઈને રાત્રે ૯.૩૦ કલાકે પ્રાર્થના સભા અને ભજનનો કાર્યક્રમ યોજાશે.

ઉત્તરાખંડમાં આવેલી કુદરતી આપત્તિને કારણે દેશભરના હજારો શ્રદ્ધાળુ લોકોના દિવંગત આત્માની શાંતિ માટે ભાવાંજલિ આપતો કાર્યક્રમ તથા ઈશ્વર કૃપાથી બચી ગયેલા યાત્રિકોનો અભિવાદન સાથેની પ્રાર્થના સભા આજે અંબાજી મંદિરમાં યોજાશે. આ પ્રસંગે અમદાવાદના સુપ્રસિદ્ધ ભજનીક મુકેશભાઈ ભટ્ટનો ભજનનો કાર્યક્રમ યોજાશે. જેનો નગરજનોએ લાભ લેવો.

# ભાડુઆતનું નુકશાન કરનાર દુકાન માલિકને ૧ હજારનો દંડ

## ભાડુતી દુકાન ખાલી કરાવવા આરોપીએ ગેરવર્તણુંક કરી પોસ્ટરો તોડી નાંખ્યા હતા

ગાંધીનગર, તા.૪

ઈન્ફોસીટી સુપર મોલ-૧માં ભાડાની દુકાન ખાલી કરાવવા બાબતે ભાડુઆતને ગાળો બોલી રૂ. પાંચ હજારનું નુકશાન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂ. ૧ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૨૮માં પ્લોટ નં. ૪૭૫/૧ ખાતે રહેતા અશ્વિનભાઈ મફતલાલ ઠકકરે ઈન્ફોસીટી સુપર મોલ ખાતે ફરીયાદીને દુકાન ભાડે આપી હતી. અગાઉ ભાડે આપેલી દુકાન સંદર્ભે મૌખિક રીતે થયેલ ભાડા કરાર પૂર્ણ થતા દુકાન ખાલી કરાવવા બાબતે આરોપીએ ફરિયાદીને ગાળો બોલી પોસ્ટરો તોડી નાંખી રૂ. ૫ હજારનું નુકશાન કર્યુ હતું. આ દરમિયાન ફરિયાદી તેમજ અન્ય સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે રીટાબેને સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ કેસ ગાંધીનગરની ૯મા એડીશનલ ચીફ જયુ. મેજી કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે શ્રી કાંટાવાળાએ દલીલો કરી હતી. જેને ધ્યાને લઈ જજ શ્રી એમ.એ. મિરઝાએ આરોપીને સી.આર.પી.સી. કલમ ૨૪૮ (૨)ની જોગવાઈ મુજબ ઈ.પી.કો. કલમ ૪૨૭ના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ. ૧ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. આરોપી દંડ ન ભરે તો ૩૦ દિવસની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

# પેથાપુર ચાર રસ્તા નજીક બમ્પ બનાવવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મહુડી માર્ગ એ રસ્તા ઉપર ટ્રાફિકની સમસ્યા ખુબ જ વધી જવા પામી છે. આ માર્ગ ઉપર તાજેતરમાં જ પેથાપુર ચાર રસ્તા પાસે અકસ્માતમાં ૪ નવ યુવાનોનો ભોગ લેવાયો છે. આવા અકસ્માત અટકે અને પેથાપુર શહેરમાંથી પસાર થતા માર્ગ ઉપર બમ્પ મુકવામાં આવે તેવી લોક માગણી ઉઠવા પામી છે.

તાજેતરમાં પેથાપુર મહુડી રોડ ઉપર અકસ્માતમાં ૪ વ્યકિતઓના કરૂણ મોત થયા છે. આવા અકસ્માત વારંવાર થતા જ રહે છે. કયાં સુધી લોકો અકસ્માતનો ભોગ બનતા રહેશે. આ બાબતે આ રસ્તા ઉપર બમ્પ બનાવવા માટે આર. એન્ડ બી. માર્ગ અને મકાન વિભાગને મૌખિક તથા લેખિત ઘણીવાર રજુઆત કરવા છતાં કાંઈ પણ નકકર પરિણામ આવતું નથી. આ મામલે જાણે કોઈને કાંઈ પડી જ નથી. કોઈના જીવનું કોઈ મુલ્ય સમજતું જ નથી. પેથાપુર મહુડી રોડ ઉપર દિવસેને દિવસે ટ્રાફીક વધતો જાય છે અને તેમાંય રેતી ભરેલા ડમ્પર અને મોટી ટ્રકો આ રોડ પર પુર ઝડથી પસાર થાય છે. ઘણી વખત તો પોલીસની હાજરીમાં પણ ટ્રકો બેફામ ગતિથી હંકારતા હોય છે. આ મામલે પેથાપુર શહેરના યુવાનો સમગ્ર શહેર સહિત, વેપારી એસોસીએશન, રીક્ષા એસોસીએશન, નગરપાલિકાના તમામ કાઉન્સીલર, તેમજ ભાજપા સંગઠન દ્વારા આગામી ૧૫ દિવસમાં લીસા મીલથી પેથાપુર ચાર રસ્તા, પેથાપુર ચાર રસ્તાથી રાંધેજા રોડ, પેથાપુર ચાર રસ્તાથી પેથાપુર ગામ તરફ તથા પેથાપુર ચાર રસ્તાથી ગાંધીનગર તરફ બમ્પ બનાવવામાં નહિ આવે તો રસ્તા ઉપર રામ ધૂન બોલાવાશે. રસ્તા રોકો આંદોલન છતાં પણ તંત્રની આંખ ના ઉઘડે તો રસ્તા ખોદી જલદ આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.


# ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં સાંપ્રત પ્રશ્નોની ચર્ચા અને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૪

જાગૃત નાગરિક પરિષદના પદાધિકારીઓની તાજેતરમાં બેઠક મળી હતી. બેઠકમાં ઉત્તરાખંડમાં માનવ અને કુદરતી સર્જીત ભયંકર હોનારતમાં અવસાન પામેલાઓને શ્રદ્ધાંજલિ અને પાટનગરના સ્ફોટક પ્રશ્નો અંગે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ઉત્તરાખંડમાં ભયંકર પૂર હોનારતમાં પંદર હજારથી વધારે યાત્રાળુઓના મૃત્ય થયા છે. તેઓના આત્માનો શાંતિ મળે અને પરિવારજનોને આઘાત સહન કરવાની પ્રભુ શક્તિ આપે તે માટે મૌન દ્વારા શ્રદ્ધાંજલિ અપાઈ હતી. આ સાથે પાટનગરના પ્રશ્નોની ચર્ચા કરાઈ હતી. સોકટર-૨૧ શાકમાર્કેટના પાછળના દરવાજાના પાસેના જાહેર રસ્તાની બિસ્માર હાલત, ચાલવાની જગ્યા ઉપર પાથરણાવાળાનું દબાણ, શાકમાર્કેટની અંદર અને બહારના ભાગમાં ચારેબાજુ ગંદકી, પ્લાસ્ટીક થેલીઓનો બેફામ ઉપયોગ, સેક્ટર-૧૧ના વાણિજ્ય વિસ્તારમાં ખાણી-પીણીની લારીઓનું દબાણ, પાટનગર યોજના ભવન ઘ-રોડ સમાંતર પાર્કિંગની જગ્યા ઉપર રેંકડીઓવાળાનું દબાણ થઈ ગયું છે. તંત્ર આ બાબતે મૌન સેવી રહ્યું છે. એસ.બી.આઈ. અને ટપાલ ખાતાના કર્મચારીઓ બિન વ્યવહારૂ વર્તન કરે છે તેનો પણ રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સરકાર દ્વારા કુદરતી કે આકસ્મિક આપત્તિ સામે રક્ષણ મળી રહે તથા આપત્તિ વ્યવસ્થાપન બાબતે યોગ્ય જાગૃતિ શિબિરો અને તાલીમ કાર્યક્રમો યોજાય તે જરૂરી છે.



વરસાદની ધમાકેદાર એન્ટ્રી : ગાંધીનગર શહેરમાં ગઈકાલ મોડી રાતથી આરંભાયેલ વરસાદના પગલે કેટલીક સરકારી - બિનસરકારી કચેરીઓ વરસાદના પાણીથી ભીંજાતી જોવા મળતી હતી. જૂના સચિવાલય ખાતે આવેલ માહિતી ખાતાની એક શાખામાં વરસાદી પાણી ભરાયા હતા. (તસવીર : દિપક જાની)

# બે તોડબાજ પત્રકારોને એલસીબીએ છટકુ ગોઠવીને ઝડપી પાડયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના માણસા વિસ્તારમાં રહેતા રવિભાઈ બારોટ નામની વ્યક્તિના ઘરે ત્રણ પત્રકારોએ મળીને આવક કરતાં વધુ સંપત્તિ હોવાની ખોટી અરજી મોકલી રૂ. ૨૦ હજારનો તોડ કરવા ગતિવિધિ કરી હતી. પોલીસને આ સંદર્ભે જાણ કરતા આજે કોબા રોડ પર સ્થિત પ્રતિક મોલ સામે પૈસા લેવા પત્રકારોને બોલાવી ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે છટકુ ગોઠવીને રૂપિયા લેવા પહોંચેલા બે પત્રકારોને રંગેહાથ ઝડપી લીધા હતા જ્યારે ત્રીજો પત્રકાર ફરાર છે. એલસીબીએ કાયદેસરની કાર્યવાહી કરીને માણસા પોલીસને આરોપીઓ સોંપી દીધા છે.

માણસા ખાતે રહેતા રવિભાઈ બિપીનચંદ્ર બારોટના ઘરે થોડા દિવસો અગાઉ એક ખોટી અરજી આવી હતી. જેમાં તેમની માતા પાસે આવક કરતાં વધુ સંપત્તિ હોવાનો ઉલ્લેખ કરેલો હતો. આ બાબતને લઈને તોડબાજી કરવા ખોટી અરજી મોકલનાર ત્રણ પત્રકારોએ રવિભાઈને ફોન કર્યો હતો અને રૂ. ૨૦ હજારની માંગણી કરી હતી. આ સંદર્ભે ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમારને રવિભાઈએ જાણ કરતાં આજે બપોરે પ્રતિક મોલ સામે કોબા રોડ પર છટકુ ગોઠવી ત્રણેયને બોલાવ્યા હતા. જે પૈકી માણસાના રાજુ પી. શાસ્ત્રી અને અમદાવાદ ઘાટલોડિયાના કમલેશ બાબુભાઈ દવે રૂપિયા લેવા પહોંચી ગયા હતા. પોલીસે બન્નેને છટકી ગોઠવીને રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને ધરપકડ કરી ઉંડી પુછપરછ શરૂ કરી છે. જ્યારે માણસાનો પત્રકાર દિનેશ નારણભાઈ પટેલ ફરાર છે. રાજુ શાસ્ત્રી વકીલ હોવાનું મનાઈ રહ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૧૯

## તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૧૦૦ ટકા
વરસાદ ૧૦૭ મીમી

## મનોરંજન

**સિને મેક્સ**

: સ્કીન-૧ :
ધ લોન રેન્જર(હિન્દી) : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ધનચક્કર : ૧.૧૫

: સ્કીન-૨ :
લૂટેરા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :
રાંઝણા : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ફુકરે : ૬.૪૫

: સ્કીન-૪ :
પોલીસગીરી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૧૫
ધનચક્કર : ૭.૧૫

**સૂર્યા, વાવોલ**

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મંગલફેરા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :
લૂંટેરા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :
પોલીસગીરી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્કીન-૩ :
ધનચક્કર : ૧૦.૩૦, ૭.૦૦
રાંઝણા : ૧.૧૫, ૧૦.૦૦
લૂંટેરા : ૪.૦૦

**ચિરાગ, કલોલ**

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. કૌટુંબિક સમસ્યાઓ થઈ શકે છે. આવકના સાધન પ્રાપ્ત થશે. કાર્ય સમય પર પૂરા થઈ શકશે. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ કાર્ય થવાની સંભાવના છે. કર્મક્ષેત્રે સફળતા પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી ભાગદોડ લાભદાયી અને સાર્થક રહેશે. ધન પ્રાપ્ત થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. વિવાદોથી બચવું. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. વ્યાપાર લાભદાયક રહેશે.

**વૃશ્ચિક** : સહયોગ અને સારા સંબંધોને કારણે લાભ અને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ- વિવાદથી દૂર રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યો થઈ શકે છે.

**મીન** : શિક્ષણ સંબંધી કાર્યો અંગે માનસિક બેચેની. આર્થિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો થઈ શકે છે. મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસ.

## ચિરવિદાય

- સ્વ. રમેશજી ડાહ્યાજી ઠાકોર(ઉ.વ.૪૮) મુ.પો. ભાયજીપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જાલમજી રાણાજી ખાંટ(ઉ.વ.૩૬) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સોમાભાઈ શંકરદાસ પટેલ(ઉ.વ.૭૦) મુ.પો. પરબતપુરા, તા.માણસા, જિ. ગાંધીનગર.